# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-02-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.

******************************************************

**1)** **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજ્યસભામાં રાષ્ટ્રપતિનાં અભિભાષણના આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપશે.**

**2)** **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે છત્તીસગઢમાં અનેક ધાર્મિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.**

**3)** **અમેરિકાની અદાલતે પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પના જન્મસિદ્ધ નાગરિકતા નાબૂદ કરવાના કાર્યકારી આદેશ પર અનિશ્ચિત મુદત સુધી પ્રતિબંધ લગાવ્યો.**

**4)** **અરૂણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં આજે કેટલાક સ્થળ પર વીજળીના કડાકા સાથે વાવાઝોડાની આગાહી.**

**5)** **ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની વનડે ક્રિકેટ શ્રેણીની પહેલી મેચ આજે નાગપુરમાં રમાશે.**

..........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM RAJYASABHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સંસદના બંને ગૃહની સંયુક્ત બેઠકમાં રાષ્ટ્રપતિનાં અભિભાષણના આભાર પ્રસ્તાવ પર આજે સાંજે રાજ્યસભામાં ચર્ચાનો જવાબ આપશે. સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ સોશિયલ મીડિયા સંદેશમાં આ અંગે માહિતી આપી. 2 દિવસ પહેલા જ લોકસભાએ રાષ્ટ્રપતિનાં અભિભાષણ પર આભાર પ્રસ્તાવ સ્વીકાર્યો હતો.

# PARLIAMENT PROCEEDINGS

અમેરિકામાં ગેરકાયદે રહેતા ભારતીય નાગરિકોને પરત મોકલવાના મુદ્દે વિદેશ મંત્રી એસ જયશંકર આજે બપોરે બે વાગે રાજ્યસભામાં નિવેદન આપશે. 12 વાગે ગૃહ પુનઃ મળ્યું ત્યારે સભાપતિ જગદીપ ધનખડે જણાવ્યું હતું કે, વિદેશ મંત્રી આ મુદ્દે નિવેદન આપશે.

સંસદના બંને ગૃહની કાર્યવાહી આ મુદ્દે બપોરે 12 વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવી હતી. લોકસભામાં કાર્યવાહી શરૂ થતાં જ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, તૃણમૂલ કોંગ્રેસ સહિતનાં વિરોધ પક્ષોએ સૂત્રોચ્ચાર કરી આ મુદ્દે ચર્ચાની માંગ કરી હતી.

કોંગ્રેસે આ મુદ્દા પર પહેલાથી જ સ્થગિત પ્રસ્તાવ લાવી દીધો હતો. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું, આ મામલો એક બહારના દેશનો છે. તેમણે વિરોધ દર્શાવતા સભ્યોને ગૃહની કાર્યવાહી યોગ્ય રીતે ચલાવવાની વિનંતી પણ કરી હતી, પરંતુ હોબાળો ચાલુ રહેતા નીચલા ગૃહની કાર્યવાહી 12 વાગ્યા સુધી મોકૂફ રાખી હતી.

# PARIKSHA PE CHARCHA 2025

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 10 ફેબ્રુઆરીએ નવી દિલ્હીમાં 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરશે. આ વખતે ફિલ્મ અભિનેત્રી દીપિકા પાદુકોણ, ભૂમિ પેંડણેકર, અભિનેતા વિક્રાન્ત મેસ્સી અને રમતગમત ક્ષેત્રના અનેક અગ્રણીઓ પણ પ્રધાનમંત્રી સાથે મળીને વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપશે.

ઉલ્લેખનીય છે કે, પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ પરીક્ષા સંબંધિત તણાવને શીખવાના ઉત્સવમાં બદલવાની આ પહેલ વર્ષ 2018માં શરૂ થઈ હતી. આ વર્ષે પરીક્ષા પે ચર્ચાની આઠમી આવૃત્તિ માટે દેશભરમાંથી 3 કરોડ 56 લાખ જેટલા લોકોએ નોંધણી કરાવી છે.

# AMIT SHAH CHHATTISGARH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે છત્તીસગઢના પ્રવાસે છે. દરમિયાન તેઓ ડોંગરગઢમાં જૈન સંત આચાર્ય વિદ્યાસાગર મહારાજની સમાધિ સ્મૃતિ મહોત્સવમાં ઉપસ્થિત રહેશે અને બમ્લેશ્વરી માતાજીના મંદિરે દર્શન પણ કરશે. શ્રી શાહ સૌથી પહેલા રાયપુર પહોંચશે. ત્યારબાદ બપોરે રાજનાંદગાંવ જિલ્લાના ડોંગરગઢ માટે રવાના થશે. ધાર્મિક કાર્યક્રમોમાં સહભાગી થયા બાદ શ્રી શાહ બપોરે રાયપુર હવાઈમથકથી દિલ્હી માટે પ્રસ્થાન કરશે.

ઉલ્લેખનીય છે કે, આચાર્ય વિદ્યાસાગર મહારાજ એક અત્યંત પ્રભાવશાળી દિગમ્બર જૈન સાધુ હતા. તેમને શિક્ષણ અને ધાર્મિક પુનઃરોત્થાનમાં યોગદાન બદલ ઓળખવામાં આવતા હતા. શ્રી વિદ્યાસાગરે ત્રણ દિવસના ઉપવાસ બાદ 77 વર્ષની વયે 18 ફેબ્રુઆરી 2024ના દિવસે ડોંગરગઢમાં સમાધિ લીધી હતી.

# MAHAKUMBH YUVA KUMBH

## હવે મહાકુંભના સમાચાર

(ઑપનિંગ મ્યૂઝિક)

પ્રયાગરાજ મહાકુંભમાં આજે આદિવાસી સાંસ્કૃતિક સંમેલન યોજાશે, જેમાં દેશભરમાંથી આદિવાસી સમુદાયના 15 હજારથી વધુ લોકો ઉપસ્થિત રહેશે. અમારા સંવાદદાતાએ જણાવ્યું કે, 6 દિવસના આ ઉત્સવ દરમિયાન તમામ સહભાગીઓ આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાઓનું જતન કરવાનો સંકલ્પ લેશે. ભગવાન બિરસા મુંડાની 150મી જયંતિની ઉજવણીના ભાગરૂપે આ સમગ્ર વર્ષને આદિવાસી ગૌરવ દિવસ જાહેર કરાયો છે.

આ તરફ ભારતીય બેડમિન્ટન ખેલાડી અને ઑલિમ્પિકમાં કાંસ્ય ચંદ્રક વિજેતા સાઈના નેહવાલે મહાકુંભના સંગમમાં આજે આસ્થાની ડૂબકી લગાવી હતી.

(બાઈટઃ સાઈના નેહવાલ, બેડમિન્ટન ખેલાડી)

(ક્લોઝિંગ મ્યૂઝિક)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# TRUMP COURT

મેરિલેન્ડનાં એક ફેડરલ ન્યાયાધીશે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પના જન્મસિદ્ધ નાગરિકતા નાબૂદ કરવા અંગેના કાર્યકારી આદેશ પર અનિશ્ચિત મુદત સુધી પ્રતિબંધ લગાવ્યો છે. શ્રી ટ્રમ્પના આ આદેશનો ઉદ્દેશ ગેરકાયદે પ્રવાસીઓ અને કામચલાઉ વિઝા ધરાવતા વિદેશી મુલાકાતીઓની જન્મસિદ્ધ નાગરિકતાને પૂર્ણ કરવાનો હતો.

મૅરિલૅન્ડની સંયુક્ત રાજ્ય જિલ્લા અદાલતનાં ન્યાયાધીશ ડેબોરા એલ બૉર્ડમૅને ગઈકાલે આ મામલે સુનાવણી હાથ ધરી હતી. ત્યારબાદ આ આદેશને રોકવા નાગરિક અધિકાર સમૂહો દ્વારા કરાયેલી અરજી પર કામચલાઉ પ્રતિબંધ લગાવતો આદેશ આપ્યો હતો. સમાચાર સંસ્થા સિન્હુઆના અહેવાલ મુજબ, આ આદેશ રાષ્ટ્રીય સ્તરે લાગુ થશે.

# USAID EMPLOYEE LEAVE

અમેરિકન આંતર-રાષ્ટ્રીય વિકાસ સંસ્થા- USAIDએ વિશ્વભરમાં પ્રત્યક્ષ રીતે કાર્યરત તમામ કર્મચારીઓને વહીવટી રજા પર મોકલવામાં જાહેરાત કરી છે. વિદેશ વિભાગ સાથે આ સંસ્થાના વિલય કરવા સંબંધિત રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પના આદેશ બાદ આ નિર્ણય લેવાયો છે.

સંસ્થાએ પોતાની વૅબસાઈટમાં એક નિવેદનમાં જણાવ્યું કે, વિદેશ વિભાગ સાથે 30 દિવસમાં વિદેશમાં કાર્યરત્ USAIDના કર્મચારીઓને પરત બોલાવવાનું પણ આયોજન છે. સંસ્થાએ જણાવ્યું કે, ગુરુવાર સુધીમાં સંસ્થા દ્વારા આવશ્યક કર્મચારીઓને કામ ચાલુ રાખવાની સૂચના અપાશે. કૉંગ્રેસનલ રિસર્ચ સર્વિસના આંકડાઓ મુજબ, USAIDના 10 હજારથી વધુ કર્મચારીઓ છે, જેમાંથી બે-તૃત્યાંશ ભાગ 60થી વધુ દેશ અને પ્રાદેશિક મિશનમાં વિદેશમાં કાર્યરત્ છે.

# REV. USPS-CHINA

અમેરિકા ટપાલ સેવાએ મોટા વેપાર વિક્ષેપના ભયના કારણે, ચીન અને હોંગકોંગથી આવતા પાર્સલને સ્થગિત કરવાના નિર્ણયથી પીછેહઠ કરી છે. એક મીડિયા અહેવાલ અનુસાર, ચીન અને હોંગકોંગથી આવતા માલસામાનને સ્થગિત કરવાનો નિર્ણય અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ચીન પર લાદવામાં આવેલા ટેરિફનું પરિણામ હતું.

ટેરિફની સાથે, શ્રી ટ્રમ્પે ઓછી કિંમતના માલસામાન સાથે ડ્યુટી-ફ્રી મુક્તિ પણ ઘટાડી છે, જે વધુ પડતાં ઓનલાઈન રિટેલર્સ તરફથી આવે છે. ગઈકાલે, USPSએ જણાવ્યું કે, નવા ચીન ટેરિફ માટે એક કાર્યક્ષમ વસૂલાત વ્યવસ્થા સ્થાપિત કરી શકાય અને પેકેજ ડિલિવરીમાં ઓછામાં ઓછો વિક્ષેપ પડે એટલે તે કસ્ટમ્સ અને સરહદ સલામતીના રક્ષણ સાથે કામ કરી રહ્યું છે.

# BANGLADESH DEMOLISHED

બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં ગઈકાલે રાત્રે ઉગ્ર ભીડે પોલીસની હાજરીમાં સ્મારક સંગ્રહાલયને બૂલડોઝરથી ધ્વસ્ત કરી દીધું છે. આ સંગ્રહાલય બાંગ્લાદેશના સંસ્થાપક રાષ્ટ્રપ્રમુખ અને પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાનાં પિતા શેખ મુજીબૂર રહેમાનનું અંગત નિવાસસ્થાન હતું. વિરોધ કરી રહેલા ટોળાએ ગતરાત્રે સંગ્રહાલયને નુકસાન પહોંચાડી તેને આગ ચાંપી દીધી હતી.

એક સમાચારપત્રના જણાવ્યા મુજબ, ધાનમંડી 32 તરફ બૂલડોઝર સરઘસ કાઢવા સોશિયલ મીડિયા પર કરાયેલા આહ્વાન બાદ આ ઘટના બની હતી. વહીવટી તંત્રએ યોગ્ય પોલીસ દળ તહેનાત હોવાનો દાવો કર્યો, પરંતુ પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે, સંગ્રહાલય તરફ આવતી ભીડને રોકવા યોગ્ય કાર્યવાહી કરવામાં નહતી આવી.

# IMD WEATHER

હવામાન વિભાગે આજે અરૂણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં કેટલાક સ્થળ પર આજે વીજળીના કડાકા સાથે વાવાઝોડું આવવાની આગાહી કરી છે. આકાશવાણી સમાચાર સાથે વાત કરતાં હવામાન વિભાગનાં વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉક્ટર સોમા સેને જણાવ્યું કે, અરૂણાચલ પ્રદેશ અને પૂર્વ અસમમાં આગામી 2 દિવસમાં ભારે વરસાદ અને વાવાઝોડું આવવાની પણ શક્યતા છે.

# SRI LANKA - TOURISM

શ્રીલંકામાં જાન્યુઆરી મહિનામાં વિક્રમજનક સંખ્યામાં પ્રવાસીઓનું આગમન થયું છે. જે ટોચના સ્ત્રોત બજાર તરીકે ભારતના વર્ચસ્વને કારણે શક્ય બન્યું છે. શ્રીલંકા પ્રવાસન વિકાસ સત્તામંડળ દ્વારા જાહેર કરાયેલા આકડાઓમાં આ ટાપુ રાષ્ટ્રમાં 2 લાખ 52 હજારથી વધુ પ્રવાસીઓનું આગમન થયું છે, જેમાં શ્રીલંકામાં કુલ પ્રવાસીઓના 17.2 ટકા સાથે ભારતે પ્રવાસીઓના આગમનના સૌથી મોટા સ્ત્રોત તરીકે પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે.

જ્યારે 13.5 ટકા પ્રવાસીઓના આગમન સાથે રશિયન મહામંડળ બીજા ક્રમે રહ્યું છે. વર્ષ 2024માં 20 લાખથી વધુ પ્રવાસીઓએ આ ટાપુ રાષ્ટ્રની મુલાકાત લીધી હતી. ઉલ્લેખનીય છે, શ્રીલંકા પ્રવાસન વિકાસ સત્તામંડળે આ વર્ષે 30 લાખ પ્રવાસીઓના આગમનથી 5 અબજ ડોલરની આવક મેળવવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

# CRICKET---IND-VS-ENG

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની 1 દિવસની-વન-ડે ક્રિકેટ શ્રેણીની પહેલી મેચ મહારાષ્ટ્રના નાગપુરમાં શરૂ થઈ છે. ઇંગ્લેન્ડે ટોસ જીતીને બેટિંગ પસંદ કરી છે. આ મહિનાના અંતમાં શરૂ થનારી ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા બંને ટીમ વન-ડેમાં પોતાના પ્રદર્શનમાં સુધારો કરવાનો પ્રયાસ કરશે. ભારતે તાજેતરમાં ઇંગ્લેન્ડ સામેની પાંચ મેચની T20 શ્રેણી 4-1થી વિજય મેળવ્યો હતો.

આ વખતે રોહિત શર્માની સાથે, વિરાટ કોહલી પણ ભારતીય ટીમમાં પરત ફર્યા છે. આ શ્રેણી માટે વરુણ ચક્રવર્તી પણ ટીમમાં છે. ભારતીય ટીમ આ રવિવારે ઓડિશાના કટકમાં ઈંગ્લેન્ડ સામે પોતાની બીજી મેચ રમશે. જ્યારે ત્રીજી અને અંતિમ વન-ડે 12 ફેબ્રુઆરીએ અમદાવાદમાં રમાશે.